
# 20 ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો








- સાંપ્રદાયિકતા
- જ્ઞાતિવાદ
- લઘુમતીઓ
- અનુસૂચિત જાતિઓ અને અનૂસૂચિત જનજાતિઓ
- બંધારણીય જોગવાઈઓ
- આતંકવાદ - એક વૈશ્વિક સમસ્યા
- ભારતમાં બળવાખોરી
- કશ્મીરમાં આતંકવાદ
- આતંકવાદની સમાજિક અસરો
- આતંકવાદની આર્થિક અસરો


## 1. કેવી વિચારધારા સમાજને વિભાજન તરફ લઈ જાય છે ?







- ભારત બિનસાંપ્રદાયિક અને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર છે. તેથી સંકુચિત સાંપ્રદાયિકતાનું આચરણ દેશના બંધારણથી વિરુદ્ધ છે.
- આમ છતાં, કોઇ ધાર્મિક જૂથ કે સંપ્રદાય વિના કારણે અન્ય ધર્મ કે સંપ્રદાયનો વિરોધ કરે છે ત્યારે સાંપ્રદાયિક તનાવ પેદા થાય છે. પરિણામે દેશમાં સાંપ્રદાયિક હિંસા કે ઝઘડાઓ થાય છે.
- કોઇ ધર્મ કે સંપ્રદાયના લોકો પોતાના ધર્મ કે સંપ્રદાયને બીજા ધર્મોની તુલનામાં શ્રેષ્ઠ દર્શાવવા પ્રયત્ન કરે અને પોતાનાં ધાર્મિક હિતોને જ પ્રાધાન્ય આપે છે. ત્યારે સમાજમાં વર્ગવિગ્રહ થાય છે.
- તેઓ અન્ય ધર્મોના લોકોને સાંપ્રદાયિક દૃષ્ટિથી જુએ છે.
- તેઓ પોતાની અલગ ઓળખ બનાવી બીજાઓથી વેગળા રહે છે.
- વ્યક્તિ પોતાના જ દેશબંધુઓને પોતાના વિરોધી માને છે, તેથી સમાજમાં મતભેદ અને ઘૃણાનું વાતાવરણ ઊભું થાય છે.
- આ પ્રકારની સંકુચિત સાંપ્રદાયિક વિચારધારાની ઉગ્રતા સમાજને વિભાજન તરફ લઈ જાય છે.

## 2. સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો જણાવો.





- સાંપ્રદાયિક તત્ત્વો સામે સૌ નાગરિકોએ અને સરકારે સખતાઇથી કામ લેવું. કોઇપણ સંજોગોમાં તેમની સામે ઝૂકવું નહિ તેમજ સમાધાન કરવું નહિ.
- શિક્ષણ દ્વારા સાંપ્રદાયિકતા અસરકારક રીતે નાબૂદ કરી શકાય છે, તેથી અભ્યાસક્રમોમાં બધા ધર્મોના સારાં તત્ત્વો દાખલ કરવાં જોઇએ. તદુપરાંત, શાળાઓમાં સર્વધર્મની પ્રાર્થનાઓ તેમજ સામાજિક અને ધાર્મિક તહેવારોની ઉજવણી કરવી જોઇએ, જેથી વિદ્યાર્થીઓમાં સર્વધર્મસમભાવનો દૃષ્ટિકોણ વિકસાવી શકાય છે.
- ભારતના ચૂંટણી પંચે સાંપ્રદાયિક વિચારસરણી પર આધારિત રાજકીય પક્ષોને માન્યતા આપવી નહિ. ચૂંટણી માટે ખાસ આચારસંહિતા બનાવીને તેનો ચુસ્તપણે અમલ કરવો અને કરાવવો.
- રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મો જેવાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો લોકમત ઘડનારાં શ્રેષ્ઠ વીજાણુ માધ્યમો છે. રેડિયો અને ટેલિવિઝને પોતાના કાર્યક્રમો દ્વારા તેમજ સિનેમાના પડદા પર ફિલ્મોએ સમાજમાં સર્વધર્મસમભાવ અને સહિષ્ણુતાની ભાવનાનો પ્રસાર કરવો જોઇએ. રેડિયો અને ટેલિવિઝને રાષ્ટ્રીય હિતો અને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન મળે તેવા કાર્યક્રમો પ્રસારિત કરવા જોઇએ.
- સક્ષમ, સબળ અને નિષ્પક્ષ યુવાનોએ સાંપ્રદાયિક હિંસાને નાબૂદ કરવા કમર કસવી જોઇએ.
- યુવાનોમાંથી સાંપ્રદાયિક ભાવના નાબુદ થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ખીલે એવા શૈક્ષણિક અને સામાજિક પ્રયત્નો કરવા જોઇએ.
- સમાજના બુદ્ધિજીવીઓ, રાજકીય નેતાઓ, ધર્મ કે સંપ્રદાયના વડાઓ વગેરેએ સાથે મળીને સાંપ્રદાયિકતાને અંકુશિત અને નિર્મૂળ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરવા જોઇએ.
- ધર્મ, જાતિ, ભાષા અને પ્રદેશથી ઉપર રાષ્ટ્રહિતો અને રાષ્ટ્રગૌરવ છે એવી સમજ લોકોમાં કેળવવી જોઇએ, જે તેમનામાં ઐક્ય, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

## 3. ભારતીય સમાજની કેટલીક જ્ઞાતિઓ અને જાતિઓની આર્થિક સ્થિતિ નબળી રહી ગઈ ?

### ભારતીય સમાજની કેટલીક જ્ઞાતિઓ

- ભારતની સામાજિક સંરચના જ્ઞાતિ પર આધારિત છે. જ્ઞાતિવ્યવસ્થાનું પ્રાચીન સ્વરૂપ આજના સ્વરૂપ કરતાં જુદૂં હતું. પ્રાચીન સમયની જ્ઞાતિવ્યવસ્થા ચાતુર્વણવ્યવસ્થા પર આધારિત હતી.
- તે સમયમાં સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર - આ ચાર વર્ણો હતા.
- પ્રત્યેક જ્ઞાતિ પોતાને ફાળવેલ વ્યવસાય કરતી હતી.
- એ સમયમાં જ્ઞાતિ-આધારિત વસવાટો અને વ્યવસાયો હતા. દરેક જ્ઞાતિ પોતાના વ્યવસાય પ્રમાણે આવક મેળવતી હતી.
- આમ, આવક જૂથના આધારે સમાજની કેટલીક જ્ઞાતિઓની આવક ઓછી હતી. તેથી તે જ્ઞાતિઓની આર્થિક સ્થિતિ અન્ય જ્ઞાતિઓ કરતાં નબળી રહી ગઈ.




### ભારતીય સમાજની કેટલીક જાતિઓ



- ભારતમાં બ્રિટિશકાળ પહેલાંના સમયમાં કેટલીક જાતિઓ અન્ય સમૂહોથી દૂર, મોટે ભાગે દુર્ગમ જંગલો અને પહાડી પ્રદેશોમાં અલગ વસતી હતી.
- તેમનું સામાજિક અને સાંસ્કૃતિક જીવન પણ અન્ય સામાજિક સમૂહોથી અલગ હતું.
- એ જાતિના લોકો અનેક પેઢીઓથી અલગ વસવાટ અને એકાકી જીવન જીવતા હતા. તેથી તેઓ વિકાસ સાધી શક્યા નહિ.
- તેઓ તેમના વિસ્તારમાં મહેનતના પ્રમાણમાં ખૂબ ઓછા વળતરવાળી પ્રવૃત્તિઓ કરે છે.
- આમ, ઉપર્યુક્ત કારણોને લીધે તેમની આર્થિક સ્થિતિ ખૂબ નબળી રહી ગઈ.




## 4. ભારતમાં લઘુમતીઓ, નબળા વર્ગો અને પછાત વર્ગોના વિકાસ, કલ્યાણ અને રક્ષણ માટે કઈ કઈ બંધારણીય જોગવાઈઓ કરી છે ?

- ભારતના બંધારણે દેશના બધા જ નાગરિકોને સમાન રીતે સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય પ્રદાન કરે છે.
- દેશની દરેક વ્યક્તિને સમાન તક અને સમાન દરજ્જો પ્રાપ્ત થાય એ માટે જાતિ, જ્ઞાતિ, ધર્મ, ભાષા કે લિંગના આધારે કોઇ પણ પ્રકારનો ભેદભાવ રાખવામાં આવતો નથી.
- રાજ્યોને મળેલા અધિકારોની રૂએ તે કલ્યાણકારી રાજ્યની જવાબદારી નિભાવવા તેમજ નબળા અને પછાત વર્ગોનું રક્ષણ કરવા, બંધારણની મર્યાદામાં રહીને કેટલાક મૂળભૂત હકો પર પ્રતિબંધ મૂકી શકે છે.
- ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર દરેક નાગરિકને કોઇ પણ ધર્મનું પાલન કરવાની સ્વતંત્રતા આપે છે.
- લઘુમતીઓ, નબળા વર્ગો અને પછાત વર્ગોને દેશની વિચારધારામાં સમાન તક, ન્યાય અને દરજ્જો આપવા માટે તેમને બંધારણીય હકો આપવામાં આવ્યા છે.
- દેશની પંચવર્ષીય યોજનાઓમાં આ વર્ગોના વિકાસ અને કલ્યાણ માટે વિશેષ ધ્યાન આપવામાં આવે છે.

## 5. લઘુમતીઓનાં કલ્યાણ અને વિકાસ માટેની બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.

- ભારતના બંધારણે દેશની બધી જ લઘુમતીઓને બહુમતીઓના જેટલા અને જેવા જ હકો સમાન ધોરણે ભોગવવાનો અધિકાર આપ્યો છે.
- લઘુમતિઓના અધિકારો, હિતો, કલ્યાણ અને વિકાસ માટે ભારત સરકારે 'રાષ્ટ્રીય લઘુમતી પંચ'ની રચના કરી છે. આ ઉપરાંત, ભારતમાં ખાસ કરીને મુસ્લિમ લઘુમતી માટે સરકારે 'મુસ્લિમ પર્સનલ લૉ' બનાવ્યો છે. એ કાયદા દ્વારા સરકાર મુસ્લિમ કોમનાં હિતોનું રક્ષણ કરે છે.
- ધાર્મિક સ્વતંત્રતાનો મૂળભૂત હક મુખ્યત્વે ધાર્મિક લઘુમતીઓને ખાતરી આપે છે કે તેઓ પોતાના ધર્મના પ્રસાર, પ્રચાર અને પ્રોત્સાહન માટે પ્રયત્નો કરવા સ્વતંત્ર છે.
- કાયદો બળપૂર્વક કરેલા ધર્માંતરને માન્ય રાખતો નથી.
- સરકારી આર્થિક સહાય લેતી કોઇ પણ શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકાતું નથી.
- તમામ ધાર્મિક સમુદાયો પોતાના ધર્મના વ્યવસ્થાપન અને ધાર્મિક પ્રવૃત્તિઓ માટે સંપત્તિ કે દાન મેળવવાનો તેમજ તેની દેખભાળ કરવાનો અધિકાર ધરાવે છે.
- સાંસ્કૃતિક અને શૈક્ષણિક હક દ્વારા મળેલા અધિકારો મુજબ લઘુમતીઓ પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિનું સંરક્ષણ કરી શકે છે.




- લઘુમતીઓને ધર્મ, વંશ, જાતિ, રંગ કે ભાષાને કારણે સરકારી સહાય મેળવતી કોઇ પણ સંસ્થામાં પ્રવેશતાં અટકાવી શકાશે નહિ.
- સમાજના બધા વર્ગોને પોતાની પસંદગી પ્રમાણે ભાષા અને લિપિને જાળવવા અને તેનો વિકાસ કરવા તેમજ પોતાની સંસ્કૃતિનું રક્ષણ અને સંવર્ધન કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ અને તેમનું સંચાલન કરવાનો અધિકાર છે.
- રાજ્ય સરકારો ભારતની બધી લઘુમતીઓના બાળકોને પ્રાથમિક કક્ષાનું શિક્ષણ માતૃભાષામાં આપવાની સુવિધા કરે છે.

## 6. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ કોને કહેવામાં આવે છે ?

- ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની કોઇ વ્યાખ્યા આપવામાં આવી નથી.
- જે-તે રાજ્યના રાજ્યપાલની સલાહથી દેશના રાષ્ટ્રપ્રમુખના આદેશ દ્વારા આ બંને જાતિઓનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવે છે.
- ભારતમાં જ્ઞાતિવાદને કારણે શોષિત - નબળા - બનેલા કેટલાક વર્ગોનું શોષણ અટકાવવા, તેમની સામેના અન્યાયો દૂર કરી તેમનું રક્ષણ કરવા, સમાનતા અને ભાઇચારાથી તેમનામાં રહેલી સંકુચિતતાઓ નાબૂદ કરી તેમને સામાજિક દરજ્જો આપવા તેમજ તેમનો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ સાધવા એ વર્ગો માટે ભારતના બંધારણમાં કેટલીક વિશિષ્ટ જોગવાઇઓ કરવામાં આવી છે.
- બંધારણની કલમ 341માં જણાવ્યા પ્રમાણેની અનુસૂચિ-(Schedules)માં સમાવિષ્ટ જાતિઓને 'અનુસૂચિત જાતિઓ' (Scheduled Castes) કહેવામાં આવે છે.
- બંધારણની કલમ 342માં જણાવ્યા પ્રમાણેની અનુસૂચિ-(Schedules)માં સમાવિષ્ટ જાતિઓને 'અનુસૂચિત જનજાતિઓ' (Scheduled Castes) કહેવામાં આવે છે.
- મોટે ભાગે દુર્ગમ જંગલો કે પહાડી પ્રદેશમાં રહેતી, સામાન્ય સમાજથી અલગ સમાજિક જીવન અને આગવી સંસ્કૃતિ ધરાવતી તેમજ આર્થિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત જાતિઓને અનુસૂચિત જનજાતિઓની અનુસૂચિમાં સમાવવામાં આવી છે.

## 7. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં કલ્યાણ અને વિકાસ માટેની (સામાન્ય) બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.

- બંધારણના આર્ટિકલ 15 પ્રમાણે ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન, ભાષા અથવા તેમાંના કોઇના આધારે (1) રાજ્ય કોઇ પણ નાગરિક પ્રત્યે ભેદભાવ રાખી શકશે નહિ. (2) દુકાનો, જાહેર રેસ્ટોરાં, હૉટલો અને જાહેર મનોરંજનનાં સ્થળોમાં પ્રવેશ મેળવવા અંગે અથવા (3) કૂવા, તળાવ, નાહવા માટેના ઘાટો, રસ્તાઓ, સંપૂર્ણ અથવા અંશતઃ રાજ્ય તરફથી નિભાવતાં સ્થળોના અથવા જાહેર જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલાં સ્થળોના ઉપયોગ અંગે કોઇ પણ નાગરિક પર કોઇ પણ પ્રકારની ગેરલાયકાત, જવાબદારી, નિયંત્રણ કે શરતો લાદી શકાશે નહિ તેમજ ભેદભાવ દાખવી શકાશે નહિ.
- બંધારણના આર્ટિકલ 29 પ્રમાણે (1) ભારતના પ્રદેશમાં અથવા તેના કોઇ પણ ભાગમાં રહેતા નાગરિકો જો કોઇ વિશિષ્ટ ભાષા, લિપિ કે પોતાની કહી શકાય તેવી સંસ્કૃતિ ધરાવતા હશે તો તેને સાચવવાનો એમને અધિકાર રહેશે. (2) કેવળ ધર્મ, જ્ઞાતિ, ભાષા કે તેમાંના કોઇ પણના આધારે રાજ્ય તરફથી નભતી અથવા નાણાકીય મદદથી ચાલતી કોઇ પણ શિક્ષણ સંસ્થામાં કોઇ પણ નાગરિકને પ્રવેશ મેળવતો અટકાવી શકાશે નહિ.





## 8. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનાં કલ્યાણ અને વિકાસ માટે બંધારણમાં કઈ કઈ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે ?

- બંધારણના આર્ટિકલ 46ના રાજનીતિના એક મહત્ત્વના માર્ગદર્શક સિદ્ધાંત પ્રમાણે રાજ્ય પ્રજાના પછાત વર્ગો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક હિતોની સંભાળ રાખશે તેમજ સામાજિક અન્યાય અને બધા જ પ્રકારના શોષણ સામે તેમનું રક્ષણ કરશે.
- બંધારણના આર્ટિકલ 16 (4) પ્રમાણે રાજ્ય હસ્તકની નોકરીઓમાં નાગરિકોના અમુક પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ યોગ્ય પ્રમાણમાં જળવાયું નથી એમ રાજ્યને લાગે તો તેમને માટે જગ્યાઓ અથવા નિમણૂકો અનામત રાખવાની જોગવાઇ કરવાનો અધિકાર રહેશે. આ માટે અનુસૂચિત જાતિઓ માટે 15 ટકા અને અનુસૂચિત જનજાતિઓ માટે 7.5 ટકા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે.
- બંધારણના આર્ટિકલ 330, 332 અને 334 પ્રમાણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓના લોકો માટે રાજ્યોની વિધાનસભાઓમાં અને કેન્દ્રમાં લોકસભામાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવી છે. કેન્દ્રમાં રાજ્યસભામાં કોઇ બેઠક અનામત રાખવામાં આવી નથી.
- દરેક રાજ્યની ગ્રામપંચાયતો અને નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે વસ્તીના પ્રમાણમાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવી છે.
- પંચવર્ષીય યોજનાઓમાં તેમનાં બાળકો માટે છાત્રાલયો ખોલવામાં આવ્યાં છે અને શિષ્યવૃત્તિઓની યોજના અમલમાં મુકાયેલી છે.
- તેમના માટે વિવિધ પ્રતિયોગ્યતા કસોટી માટે તાલીમ અને માર્ગદર્શન આપતા વર્ગો ચલાવવામાં આવે છે. તેમાં કેન્દ્ર સરકાર તરફથી નાણાકીય સહાય આપવામાં આવે છે.
- સરકારી નોકરીઓમાં આ બંને જાતિઓના ઉમેદવારો માટે ઉંમર, ફી અને લાયકાતના ધોરણમાં કેટલીક છૂટછાટ આપવામાં આવેલ છે.

- તેમના શૈક્ષણિક વિકાસ માટે આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે.
- તેમના માટે મેડિકલ, ફાર્મસી અને એન્જિનિયરિંગ કૉલેજ કક્ષાએ તેમજ કેટલીક ઉચ્ચ કક્ષાની શિક્ષણ સંસ્થાઓમાં કેટલીક બેઠકો અનામત રાખવામાં આવે છે. કૉલેજ કક્ષાના કેટલાક અભ્યાસક્રમો માટે પુસ્તક બૅન્કની યોજના શરૂ કરવામાં આવી છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર સંસ્થા નબળા વર્ગોની સામાજિક સમજ અને ઉદ્ધાર, સામાજિક પરિવર્તન, ક્ષમતા, ન્યાય અને માનવગરિમા માટે કામ કરનાર વ્યક્તિને 'ડૉ. આંબેડકર પુરસ્કાર'થી સન્માને છે.
- આ બંને જાતિઓના કલ્યાણ અને હિતોની સુરક્ષા માટે રાજ્યમાં એક અલગ વિભાગ તથા કેન્દ્રમાં એક વિશિષ્ટ અધિકારીની નિમણૂક કરવામાં આવે છે.
- આ બંને જાતિઓ માટે રાષ્ટ્રીય આયોગની સ્થાપના કરવામાં આવી છે.
- કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ આ બંને જાતિઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટે વિવિધ પ્રકારની યોજનાઓ શરૂ કરેલ છે.






## 9. ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિઓ માટે કઈ કઈ જોગવાઈઓ કરવામાં આવી છે ?

- બંધારણના આર્ટિકલ 17 મુજબ 'અસ્પૃશ્યતા' નાબૂદ કરવામાં આવી છે. કોઈ પણ સ્વરૂપે 'અસ્પૃશ્યતા'ના અમલની મનાઈ ફરમાવવામાં આવી છે. 'અસ્પૃશ્યતા'ના કારણે લદાતી કોઈ પણ ગેરલાયકાત કાયદાની રૂએ સજાપાત્ર ગુનો ગણાય છે.
- બંધારણના આર્ટિકલ 25 પ્રમાણે રાજ્યોને સામાજિક કલ્યાણ અને સુધારણા માટે, જાહેર ગણી શકાય તેવી હિંદુ ધાર્મિક સંસ્થાઓને હિંદુઓના તમામ વર્ગો અને વિભાગો માટે ખુલ્લી મૂકતો કાયદો બનાવવાનો અથવા એ અંગેનો અમલમાં હોય તેવો કાયદો ચાલુ રાખવાનો અધિકાર મળે છે.
- તેમાં 'હિંદુઓ'ના ઉલ્લેખમાં શીખ, જૈન અને બૌદ્ધ ધર્મ પાળનારાઓનો તેમજ 'હિંદુ ધાર્મિક સંસ્થાઓ'ના ઉલ્લેખમાં શીખ, જૈન અથવા બૌદ્ધ ધાર્મિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.



## 10. ભારતના બંધારણમાં ફક્ત અનુસૂચિત જનજાતિ માટે ખાસ કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

- બંધારણનો આર્ટિકલ 19(5) રાજ્યપાલોને અનુસૂચિત જનજાતિઓના હિતમાં બધા નાગરિકોના ગમે તે પ્રદેશમાં આવ-જા કરવાના, વસવાટ કરવાના, મિલકત સંપાદન કરવાના અથવા કોઈ પણ વેપાર કે ધંધો કરવાના સામાન્ય હકો પર નિયંત્રણ મૂકવાની સત્તા આપે છે.
- આ સત્તાની રૂએ રાજ્યપાલો અનુસૂચિત જનજાતિઓના વિસ્તારોમાં જમીનની ફેરબદલી, નાણાંની ધીરધાર તેમજ અન્ય પ્રકારે અનુસૂચિત જનજાતિઓના થતા શોષણને અટકાવવા અને શોષણ સામે રક્ષણ કરવા ખાસ કાયદાઓ બનાવી શકે છે.

## 11. ટૂંક નોંધ લખો : આતંકવાદ – એક વૈશ્વિક સમસ્યા

- 21મી આતંકવાદ માનવસમાજ માટે એક જટિલ, વિકટ અને પડકારરૂપ પ્રશ્ન બન્યો છે.
- વિશ્વના કેટલાક દેશો દ્વારા ફેલાવવામાં આવતો આતંકવાદ આજે એક વૈશ્વિક સમસ્યા બન્યો છે.
- તે માનવઅધિકારોનો હ્રાસ કરે છે.
- તે થોડાક લોકો દ્વારા સંગઠિત, આયોજિત અને ઇરાદાપૂર્વક કરવામાં આવતું અનૈતિક તથા ભયજનક હિંસાત્મક કૃત્ય છે.
- આતંકવાદીઓ હિંસક પ્રવૃત્તિઓ દ્વારા જે-તે પ્રદેશમાં રક્તપાત, વિનાશ, ભય, અશાંતિ અને અરાજકતા ફેલાવે છે.
- આતંકવાદનો કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે સંબંધ હોતો નથી, છતાં આતંકવાદીઓ આતંકવાદને ધર્મ સાથે જોડીને કાયરતાપૂર્ણ, ઘાતકી કૃત્યો કરે છે.
- તે કોઈપણ રાષ્ટ્રના વિકાસને અવરોધતું પરિબળ છે.
- આતંકવાદી હિંસક પ્રવૃત્તિઓ પ્રકૃતિના સિદ્ધાંત - 'જીવો અને જીવવા દો'નું સરેઆમ ઉલ્લંઘન કરે છે.
- આતંકવાદ ફેલાવવા આતંકવાદીઓ આત્મઘાતી હુમલા કરવા, બૉમ્બ ફેંકવા, ઘાતક શસ્ત્રો સંતાડવાં અને તેનો ઉપયોગ કરવો, વિમાનો હાઈજૅક કરવાં, વ્યક્તિઓનું અપહરણ કરવું તેમજ અપહૃત વ્યક્તિઓને મારી નાખવી, માફિયા ટોળીઓ રચી માદક દ્રવ્યોની હેરાફેરી કરવી અને નાણાં પડાવવાં વગેરે હિંસાત્મક પ્રવૃત્તિઓ કરે છે.



## 12. આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સમજાવો.

| આતંકવાદ | બળવાખોરી |
|---|---|
| • તે એક વૈશ્વિક સમસ્યા છે. | • તે જે-તે રાષ્ટ્રની સમસ્યા છે. |
| • તે આંતરરાષ્ટ્રીય વિસ્તાર ધરાવે છે. તે પોતાના અથવા અન્ય દેશની વિરુદ્ધ હોય છે. | • તે પોતાની સરકાર વિરુદ્ધ એક પ્રાદેશિક સ્તરે વિકસેલી હોય છે. |
| • આતંકવાદને સ્થાનિક પ્રજાનો સહકાર મળે કે ન મળે. | • બળવાખોરી સ્થાનિક પ્રજાના સહકારથી ચાલે છે. |
| • આતંકવાદથી પ્રભાવિત રાષ્ટ્રોનો વિકાસ અટકી જાય છે. | • બળવાખોરોથી પ્રભાવિત રાજ્યો કે પ્રદેશોનો વિકાસ અટકી જાય છે. |
| • આતંકવાદ સાંપ્રદાયિક હિંસા કે ઘૃણા ફેલાવીને સમાજને વિભાજિત કરે છે. | • બળવાખોર સંગઠનો લોકોને ડરાવી, ધમકાવી અને હત્યાનો આશરો લઈ ભયનું વાતાવરણ ઊભું કરે છે. |

## 13. નક્સલવાદી આંદોલન વિશે નોંધ લખો.

- ચીનમાં માઓ-ત્સે-તુંગની નેતાગીરી હેઠળ થયેલી સામ્યવાદી ક્રાંતિમાંથી પ્રેરણા મેળવીને ભારતમાં નક્સલવાદી આંદોલન શરૂ થયું છે.
- આ ઉગ્રવાદી વિચારધારા નક્સલવાદ કહેવાય છે, કારણ કે તેનો ઉદ્‌ભવ પશ્ચિમ બંગાળના નક્સલબારી વિસ્તારથી થયો હતો.
- ઈ.સ. 1967માં પશ્ચિમ બંગાળમાં ચારુ મજમુદારના નેતૃત્વ નીચે નક્સલવાદી આંદોલન શરૂ થયું હતું.
- ત્યારપછી આ આંદોલન ઓડિશા, આંધ્ર પ્રદેશ, કેરલ, ત્રિપુરા, છત્તીસગઢ, ઝારખંડ, મધ્ય પ્રદેશ વગેરે રાજ્યોના પહાડી અને જંગલ વિસ્તારોમાં પ્રસર્યું છે. આજે ભારતના 13 રાજ્યો નક્સલવાદના પ્રભાવ હેઠળ છે.
- નક્સલવાદી આંદોલનમાં 'પિપલ્સ વૉર ગ્રૂપ' (પી.ડબલ્યુ.જી.) અને 'માઓવાદી - સામ્યવાદી કેન્દ્ર' (એમ.સી.સી.) નામનાં બે મુખ્ય સંગઠનો છે.
- નક્સલવાદી બળવાખોરો લૂંટફાટ, અપહરણ, હિંસક, હુમલા, બૉમ્બવિસ્ફોટ જેવી હિંસાત્મક પ્રવૃત્તિઓ કરે છે.
- તેમની પ્રવૃત્તિઓ મુખ્યત્વે રાજ્ય સરકારોની શાસનવ્યવસ્થા સામે છે.





## 14. ઉત્તર-પૂર્વ ભારતનાં રાજ્યોમાં ચાલતી બળવાખોરી વિશે માહિતી આપો.

- સ્વાતંત્ર્ય બાદથી આજ સુધી ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ઉદ્ભવેલી બળવાખોરી એક કાયમી સમસ્યા બની છે.
- ભારતમાં બળવાખોરીએ દેશની એકતા, અખંડિતતા, સાંપ્રદાયિકતા અને વિકાસ સામે મોટું જોખમ ઊભું કર્યું છે.
- ભારતના ઉત્તર-પૂર્વ પ્રદેશોની અનેક જનજાતિઓ, જંગલી અને પહાડી વિસ્તાર, જુદાં જુદાં બળવાખોર સંગઠનોનો એકબીજા સાથે મેળ, કેટલાક વિસ્તારની આંતરરાષ્ટ્રીય સીમા, વિદેશી એજન્સીઓનો હસ્તક્ષેપ વગેરે પરિબળોએ આ વિસ્તારની બળવાખોરીની સમસ્યાને જટિલ બનાવી છે.

### ઉત્તર-પૂર્વનાં રાજ્યોનાં બળવાખોરી સંગઠનો

#### 1. નાગાલેન્ડ

- આ રાજ્યમાં ચાલતી બળવાખોરી એ ભારતના ઉત્તર-પૂર્વ રાજ્યોમાં સૌથી જૂની છે. અહીં એન.એસ.સી.એન. (નૅશનલ સોશ્યાલિસ્ટ કાઉન્સિલ ઑફ નાગાલૅન્ડ) નામનું સંગઠન ખૂબ સક્રિય છે.



#### 2. મણિપુર

- આ રાજ્યમાં કે.એન.એફ. (કુકી નૅશનલ ફ્રન્ટ) અને કે.એન.એ. (કુકી નૅશનલ આર્મી) નામનાં બે સંગઠનો સક્રિય છે.



#### 3. ત્રિપુરા

- ત્રિપુરામાં ગેરકાયદેસર રહેતા લોકોને ત્રિપુરામાંથી હાંકી કાઢવા માટે એન.એલ.એફ.ટી. (નૅશનલ લિબરેશન ફ્રન્ટ ઑફ ત્રિપુરા) અને 'એ.ટી.ટી.એફ.' (ઑલ ત્રિપુરા ટાઇગર ફોર્સ) નામનાં બે બળવાખોર સંગઠનો સક્રિય છે.
- તેની પ્રતિક્રિયા રૂપે ગેરકાયદેસર રહેતા લોકોએ પણ પોતાનું ટી.યુ.જે.એસ. (ત્રિપુરા ઉપનીસિ જુપા સમિતિ) નામનું બળવાખોર સંગઠન રચ્યું છે.



**4. અસમ**

- ઉલ્ફા (યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ અસમ) અને યુ.એમ.એફ. (યુનાઈટેડ માઈનોરિટી ફ્રન્ટ) અસમનાં મુખ્ય બે બળવાખોર સંગઠનો છે. તેમાં વિદેશી વિરોધી આંદોલનથી જન્મેલું ઉલ્ફા સંગઠન ખતરનાક હિંસક પ્રવૃત્તિઓ કરે છે. આ ઉપરાંત, એન.ડી.એફ.બી. (નૅશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઑફ બોડોલૅન્ડ) અને બી.એલ.ટી.એફ. (બોડોલૅન્ડ લિબરેશન ટાઇગર ફોર્સ) નામનાં બે બળવાખોર સંગઠનો અલગ બોડોલૅન્ડની માગણી કરી રહ્યાં છે.
- આ બળવાખોર સંગઠનો વચ્ચે અલગ રાજ્યની માગણી અને પોતાનાં રાજકીય તથા આર્થિક હિતો સ્થાપિત કરવાં તેમજ ગેરકાયદેસર વસવાટ વગેરે પ્રશ્નો અંગે સંઘર્ષ થાય છે.
- એ સંઘર્ષોને કારણે ઉત્તર-પૂર્વ ભારતનાં આ રાજ્યોની આર્થિક, સામાજિક, વહીવટી અને રાજકીય વ્યવસ્થાને ભારે નુકસાન પહોંચ્યું છે.





## 15. જમ્મુ-કશ્મીરમાં આતંકવાદ વિશે નોંધ લખો.

- 15 ઑગસ્ટ, 1947ના રોજ ભારતને આઝાદી મળી એ સાથે ભારત અને પાકિસ્તાન એમ બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં. એ સમયે પાકિસ્તાને કશ્મીરમાં સૈનિકો મોકલીને કશ્મીરના ત્રીજા ભાગ પર પોતાનો લશ્કરી કબજો જમાવી દીધો.
- જમ્મુ-કશ્મીર ભારતનું જ અભિન્ન અંગ છે એ હકીકત નિર્વિવાદ છે. આમ છતાં, પાકિસ્તાને તેને મેળવવા ભારત સાથે ઈ.સ. 1948, 1965, 1971 અને 1999 (કારગિલ)માં ચાર વાર યુદ્ધો કર્યાં. તેમાં દરેક વખત પાકિસ્તાનનો પરાજય થયો.
- ઈ.સ. 1988 પછી જમ્મુ-કશ્મીરમાં આતંકવાદ વધી ગયો છે. જમ્મુ-કશ્મીરના આતંકવાદને સીમાપારથી સતત સહાય મળે છે. એટલું જ નહિ, આ આંકવાદની છાવણીઓ તેમજ તાલીમ કેન્દ્રો પણ સીમાપાર આવેલા વિસ્તારોમાં છે, તેવા અહેવાલો વારંવાર પ્રસિદ્ધ થયા છે.
- સીમાપારથી તાલીમ અને અતિઆધુનિક શસ્ત્રો સાથે ઘૂસણખોરી કરતા આતંકવાદીઓએ જમ્મુ-કશ્મીરમાં હત્યા, અપહરણ, બૉમ્બવિસ્ફોટ વગેરે દ્વારા ક્રૂર આતંક ફેલાવીને લોકોને ભયભીત કરી દીધા છે. આથી કશ્મીરનાં અનેક પંડિત કુટુંબોને વતન છોડીને સ્થળાંતર કરવું પડ્યું છે.
- આજે આવાં હજારો કુટુંબો શરણાર્થી તરીકે જમ્મુ-કશ્મીરની બહાર જીવી રહ્યાં છે.





## 16. આતંકવાદની સામાજિક અસરો જણાવો.





- આતંકવાદ સમાજની એકતાને છિન્નભિન્ન કરે છે.
- આતંકવાદને કારણે નાગરિકો સતત ભયના ઓથાર નીચે જીવે છે. તેઓ સંદેહમાં જીવતા હોવાથી એકબીજા પરનો વિશ્વાસ ઘટી જાય છે. પરસ્પર ભાઈચારાની ભાવના ઓછી થતી જાય છે.
- આતંકવાદીઓ ભય ફેલાવવા હુમલા, લૂંટફાટ, અપહરણ, હત્યા જેવી પ્રવૃત્તિઓ કરે છે. પરિણામે નાનાં બાળકોથી માંડીને વૃદ્ધો સૌ ભયગ્રસ્ત જીવન જીવે છે.
- આતંકવાદ પીડિત પ્રદેશમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ કથળે છે. તેઓ શાંતિથી અભ્યાસ કરી શકતા નથી.
- સાંપ્રદાયિક ઝઘડા કે તોફાનો વારંવાર થાય છે, જેથી સમાજવ્યવસ્થા અસ્તવ્યસ્ત બને છે. સમાજમાં અવ્યવસ્થા અને અશાંતિ ઉત્પન્ન થાય છે.
- જે વિસ્તારોમાં આતંકવાદી પ્રવૃત્તિઓનું પ્રમાણ વધારે હોય ત્યાં લોકોને એકબીજાને જોડતા કડીરૂપ પ્રાદેશિક અને રાષ્ટ્રીય ઉત્સવોની ઉજવણી ઉલ્લાસભેર થઇ શકતી નથી.
- ગામડાં અને શહેરો વચ્ચેનો તેમજ રાજ્ય-રાજ્ય વચ્ચેનો આંતરવ્યવહાર ઓછો થઇ જાય છે.

## 17. આતંકવાદની આર્થિક અસરો જણાવો.

- આતંકવાદથી જે-તે પ્રદેશના વેપાર-ધંધાનો વિકાસ રૂંધાય છે. લોકોને વેપાર-રોજગાર માટે અન્ય પ્રદેશમાં સ્થળાંતર કરવું પડે છે.



- આતંકવાદીઓની માદક દ્રવ્યોની હેરાફેરીને લીધે તેમજ તેમના આંતરિક સંબંધોને કારણે દેશમાં કાળું નાણું ઠલવાય છે. તેથી દેશમાં સામાજિક અને આર્થિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.
- કેટલાંક આતંકવાદી સંગઠનો વેપારીઓ, કર્મચારીઓ અને શ્રીમંત વેપારીઓ પાસેથી ડરાવી-ધમકાવીને તેમજ અપહરણ કરીને નાણાં પડાવે છે.
- આતંકવાદથી પોતાના જાનમાલની ખુવારી થશે એવા ભયથી એ પ્રદેશમાં ધંધો કે ઉત્પાદન-પ્રવૃત્તિ માટે લોકો જવા તૈયાર થતા નથી.



- આતંકવાદી પ્રદેશના લોકો અન્ય વિસ્તારમાં ધંધાર્થે જાય છે, પરંતુ પૂરતી રોજીરોટી નહિ મળવાને કારણે તેઓ નશીલા પદાર્થોનું સેવન કરે છે; ક્યારેક ચોરી-લૂંટફાટ જેવી અસામાજિક પ્રવૃત્તિ કરે છે.
- આતંકવાદ સામે લોકોને સલામતી અને સુરક્ષા પૂરી પાડવા સરકારને કરોડો રૂપિયા ખર્ચવા પડે છે. તેથી એ પ્રદેશમાં વિકાસનાં કામો ઓછા પ્રમાણમાં થાય છે.
- સરકારે બાંધેલાં અનેક બાંધકામો જેવાં કે રસ્તા, પુલ, બંધ, રેલવે, મોટી ઇમારતો વગેરેનો બૉમ્બવિસ્ફોટોથી નાશ કે નુકસાન થવાથી કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. એ બાંધકામોના પુનઃસ્થાપન કે સમારકામમાં સરકારને કરોડો રૂપિયા ખર્ચવા પડે છે.



- આતંકવાદને પરિણામે રાષ્ટ્રના અને રાજ્યના પરિવહન અને પ્રવાસન ઉદ્યોગને આર્થિક નુકસાન થાય છે.
- આતંકવાદી પ્રવૃત્તિની માઠી અસર જે-તે પ્રદેશના ઉદ્યોગ-ધંધા અને વાહનવ્યવહાર પર થાય છે. તેથી ત્યાં જીવનજરૂરિયાતોની આવશ્યક ચીજવસ્તુઓની અછત ઊભી થતાં ભાવવધારો જોવા મળે છે. લાંચરુશવત અને ભ્રષ્ટાચારની બદી ફેલાય છે.